દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫

# અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશનાર ભારતીયોને માટે વસમી વેળા આવી છે

અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન આપેલા વચનો પર કામ કરવાનું શરૂ કરી દીધું છે અને હાલમાં ભારત સહિત વિવિધ દેશોમાં ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને મોટા પાયે દેશનિકાલ કરવાની કામગીરી ચાલી રહી છે. અનેક દેશોના, ખાસ કરીને લેટિન અમેરિકન દેશોના સંખ્યાબંધ ગેરકાયદે ઇમિગ્રન્ટોને વિમાનોમાં બેસાડીને તેમના દેશ મોકલી દેવાયા તેના પછી ભારતીયોનો વારો પણ આવી ગયો છે. મંગળવારે, એક અમેરિકી લશ્કરી વિમાન ભારતીય ગેરકાયદે ઇમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા રવાના થયું, જે ભારતીયોની આ રીતે હકાલપટ્ટી કરવા માટે રવાના થયેલું પ્રથમ વિમાન હતું. અને આગામી દિવસોમાં ધીમે ધીમે અનેક ગેરકાયદે ભારતીયોની હકાલપટ્ટી થઇ શકે છે.

જ્યારે હું ફરીથી ચૂંટાઈશ, ત્યારે અમે અમેરિકન ઇતિહાસમાં સૌથી મોટું દેશનિકાલ ઓપરેશન શરૂ કરીશું એમ ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું અને હવે તેના પર અમલ શરૂ કરી દીધો છે. 205 ભારતીય નાગરિકોને લઈને એક C-17 વિમાન ટેક્સાસના સાન એન્ટોનિયોથી મંગળવારે સવારે 3 વાગ્યે રવાના થયું હતું, સૂત્રોએ જણાવ્યું હતું. આ વિમાન પંજાબના અમૃતસર જવા માટે રવાના થયુ જે બુધવારે અમૃતસર આવી પહોંચ્યું છે.અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોમાં પંજાબીઓ અને ગુજરાતીઓનું પ્રમાણ નોંધપાત્ર મોટું છે. પંજાબીઓ અને ગુજરાતીઓને લઇને આવેલી આ ફ્લાઇટ ઘણી આયોજિત ફ્લાઇટ્સમાંથી પ્રથમ છે, અને આગામી સપ્તાહોમાં ગેરકાયદેસર ભારતીય ઇમિગ્રન્ટ્સના વધુ જૂથોને વિમાનોમાં પાછા મોકલવામાં આવે તેવી શક્યતા છે. અન્યોને પોતાની રીતે સામાન્ય ફ્લાઇટોમાં રવાના થઇ જવાનો આદેશ પણ આપવામાં આવી શકે છે. ભારત ખાતેની અમેરિકન એમ્બેસીએ જો કે ભારતીયોની આ હકાલપટ્ટી અંગે કોઇ સ્પષ્ટ ફોડ પાડ્યો ન હતો ત્યારે એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમેરિકા તેના ઇમિગ્રેશન કાયદા કડક કરી રહ્યું છે અને ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને દૂર કરી રહ્યું છે. આ પગલાં સ્પષ્ટ સંદેશ મોકલે છે: ગેરકાયદેસર સ્થળાંતર જોખમ લેવા યોગ્ય નથી એમ પ્રવકતાએ કહ્યું હતું. દેખીતી રીતે આ પ્રવક્તાએ અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશનારાઓને ગર્ભિત ચેતવણી આપી છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર હાલ દેશમાં બિનદસ્તાવેજીકૃત અથવા ગેરકાયદેસર વસાહતીઓને નિશાન બનાવી રહ્યું છે. ટ્રમ્પ પ્રશાસને હકાલપટ્ટીના તેના તાજેતરના તબક્કા માટે વાણિજ્યિક ફ્લાઇટ્સ અને લશ્કરી વિમાન બંનેનો ઉપયોગ કર્યો છે. અત્યાર સુધીમાં, લશ્કરી વિમાનો ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસના ગેરકાયદે ઇમિગ્રન્ટોને તેમના દેશોમાં મૂકી આવ્યા છે. હવે ભારતનો પણ વારો આવી ગયો છે અને આગામી સપ્તાહોમાં આ પ્રક્રિયા ચાલુ જ રહેશે. અમેરિકામાંથી કેટલા ભારતીયોની હકાલપટ્ટી કરવામાં આવશે તે હજી ચોક્કસ જાણવા મળતું નથી પણ બ્લૂમબર્ગ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે ભારત અને અમેરિકાએ એવા 18,000 ભારતીય ઇમિગ્રન્ટોની ઓળખ કરી છે જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં વસે છે અને તેમની હકાલપટ્ટી થઇ શકે છે. અમેરિકી ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) અનુસાર, ઓછામાં ઓછા 20,407 બિનદસ્તાવેજીકૃત ભારતીયો આ પગલાથી પ્રભાવિત થઈ શકે છે. આમાંથી 17,940 પેપરલેસ વ્યક્તિઓ છે જેમને અંતિમ નિકાલના આદેશો છે. યુએસ ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ના એન્ફોર્સમેન્ટ અને રિમૂવલ ઓપરેશન્સ (ERO) વિભાગ હેઠળ હાલમાં 2,467 અન્ય લોકો અટકાયતમાં છે. આ આંકડા છેલ્લે 2022 માં અપડેટ કરવામાં આવ્યા હતા અને આ સંખ્યા ઘણી વધારે હોઈ શકે છે. આમ તો જો કે પ્યુ રિસર્ચ સેન્ટરના ડેટા અનુસાર, ભારતમાંથી આશરે 725,000 ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ અમેરિકામાં રહે છે, જે મેક્સિકો અને અલ સાલ્વાડોર પછી અનધિકૃત ઇમિગ્રન્ટ્સની વસ્તીમાં ત્રીજા ક્રમે છે. પરંતુ આ તમામની હકાલપટ્ટી નહીં થાય. જેઓ કદાચ દસ્તાવેજો મેળવી શકે તેમને હાંકી કાઢવામાં નહીં આવે.

હવે ભારતે આ હકાલપટ્ટી પામેલાઓને સ્વીકારવા પડશે. અમેરિકામાંથી હકાલપટ્ટીની યોજનાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ભારતે કહ્યું હતું કે તે હંમેશા બિનદસ્તાવેજીકૃત ભારતીયોને તેમના દેશમાં કાયદેસર રીતે પરત કરવા માટે ખુલ્લું રહ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે ભારત ચકાસી રહ્યું છે કે અમેરિકામાંથી કોને ભારત દેશનિકાલ કરી શકાય છે, અને આવા વ્યક્તિઓની સંખ્યા હજુ સુધી નક્કી કરી શકાઇ નથી. દરેક દેશ સાથે, અને અમેરિકા પણ તેનો અપવાદ નથી, અમે હંમેશા જાળવી રાખ્યું છે કે જો અમારા કોઈપણ નાગરિક ત્યાં ગેરકાયદેસર રીતે રહે છે, અને જો અમને ખાતરી હોય કે તેઓ અમારા નાગરિક છે, તો અમે હંમેશા તેમના કાયદેસર રીતે ભારતમાં પાછા ફરવા માટે ખુલ્લા રહ્યા છીએ વિદેશ મંત્રી જયશંકરે જણાવ્યું હતું. ભારતીયોને અમેરિકામાં ગમે તેમ કરીને ઘૂસી જવાની ઘેલછા હવે ભારે પડી રહી છે. ટ્રમ્પે બિનદસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ્સથી જન્મેલા બાળકો માટે જન્મજાત નાગરિકતા પણ સમાપ્ત કરી દીધી છે અને શરણાર્થી કાર્યક્રમોને તોડી પાડ્યા છે અને આ બધુ ગેરકાયદે ઇમિગ્રન્ટોને ભારે પડી રહ્યું છે. આપણા સંખ્યાબંધ ગુજરાતીઓ લાખો રૂપિયા ખર્ચીને અમેરિકામાં ગેરકાયદે ઘૂસ્યા હતા અને હવે તેમને પરત ફરવાનું કેટલું ભારે પડશે તેની કલ્પના કરવા જેવી છે.

## આટલું સમજી લે

નીનાના છ મહિના પહેલાં જ લગ્ન થયાં હતાં.એક દિવસ નીના અને તેની સાસુ વચ્ચે ઝઘડો થયો. નાની વાતમાં સાસુએ પિયર સુધી ટોણા માર્યા તે નીનાથી સહન ન થયું એટલે બોલાચાલી થઈ અને ઝઘડો થયો. ફટાફટ કામ કરીને નીના રોજ ઓફીસ જતી. આજે પણ નીકળી ગઈ પણ તેનો મૂડ બહુ ખરાબ હતો.

ઓફિસમાં નીનાની એક સિનિયર અંકલ સાથે સારી દોસ્તી થઇ ગઈ હતી. તેમણે નીનાને મુડલેસ જોઇને કહ્યું, ‘કેમ, આજે મારી યંગ દોસ્ત મૂડમાં નથી?’નીનાએ પહેલાં તો કહ્યું,

‘કંઈ નહિ અંકલ.’પણ લન્ચ બ્રેકમાં અંકલે પાછું પૂછ્યું, ‘નીના શું થયું છે તારો અને તારા હસબન્ડનો ઝઘડો થયો કે શું?’નીના બોલી, ‘ના અંકલ , હસબન્ડ સાથે નહિ પણ તેની મમ્મી સાથે બોલાચાલી થઇ.દસ મિનિટ મોડા ઉઠાયું તો મેં કહ્યું, મમ્મી, જરા હેલ્પ કરશો. આજે મોડું થઇ ગયું છે તેમાં તો તેમણે વહુ થઈને સાસુને કામ સોંપે છે કેવા સંસ્કાર છે.તારી મમ્મીએ કંઈ શીખવાડ્યું નથી એવું ઘણું ઘણું સંભળાવ્યું.છેલ્લે મારાથી રહેવાયું નહિ એટલે મેં કહી દીધું મમ્મી ,ઘર તમારું પણ છે, કામ ન કરવું હોય તો ના પાડી દો. એમાં મારાં મમ્મીને કંઈ બોલવાની જરૂર નથી. તેમાં તો તેમણે આખું ઘર માથે લીધું.શું તેઓ મને પોતાની ગણતાં જ નથી? હું છ મહિનાથી મમ્મી કહું છું ,ઘરનું બધું કામ કરું છું પણ તેમને મન મારી કિંમત માત્ર કામ કરનાર પારકી વહુની જ છે?જવા દો અંકલ, જેટલી વાત કરીશ એટલું મન દુ:ખી થશે.’ અંકલ બોલ્યા, ‘બેટા, જો આ ગ્લાસ ખાલી છે તો શું તેમાંથી પાણી ઢોળાશે?’નીનાએ કહ્યું, ‘ના અંકલ.’

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

અંકલ બોલ્યા, ‘જો બેટા, તું તો બહુ હોશિયાર અને સમજુ છે. આજે તને એક વાત સમજાવું છું.આપણે દુ:ખી ન થવું હોય તો એક વાત સમજી લેવી જરૂરી છે કે જેમ ગ્લાસમાં પાણી નથી તે ખાલી ખમ છે તો તેમાંથી પાણી નહિ ઢોળાય તેમ જે માણસો અંદરથી ખાલીખમ હોય છે ,જેમની પાસે જે નથી હોતું તે તેઓ કેવી રીતે આપી શકે?’નીનાએ કહ્યું, ‘એટલે?’

અંકલે કહ્યું, ‘જો આપણે સમજી લેવાનું કે જેની પાસે પ્રેમ લાગણી ન હોય તો તે કેવી રીતે આપી શકે? જેની પાસે કોઈને પોતીકા ગણવાનું હૃદય જ ન હોય તે તને કેવી રીતે પોતાની બનાવી શકે? જેણે કોઈ દિવસ સન્માન,આદર કોઈને આપ્યાં ન હોય તે તને કેવી રીતે માન આપી શકે.હું તારાં સાસુને મળ્યો નથી અને જાણતો તો નથી. પણ આ માનવીય સ્વભાવનો નિયમ તું સમજી જા કે જેની પાસે જે ન હોય તે તેઓ આપી જ ન શકે. પછી તને કોઈના પણ વર્તનથી કોઈ દુ:ખ નહિ થાય.’અંકલે દુ:ખથી દૂર રહેવાનો રામબાણ રસ્તો દેખાડ્યો.

# આવકવેરામાં બાર લાખ સુધીની રાહત ધાર્યાં પરિણામ આપશે?

**કહેવાની વાત**

**નેહા શાહ**

> **સરકારનો દાવો છે કે ટેક્સમાં અપાયેલી આ છૂટને કારણે સરકારની તિજોરીમાં અંદાજે ૧ લાખ કરોડ રૂપિયા ઓછા આવશે. આની સામે બજેટ ખાધ પણ નીચી આંકવામાં આવી છે**

આગામી નાણાંકીય વર્ષમાં બાર લાખ સુધીની આવક પર કોઈ ઈન્કમ ટેક્સ નહિ આપવો પડે. આ ઉપરાંત ટેક્સના સ્લેબ પણ બદલાયા, જેને કારણે ૨૪ લાખ સુધીની આવક ઉપર ટેક્સના દર ઘટ્યા. આ ઘોષણાએ મધ્યમ વર્ગને ખુશ કરી દીધો. ઘણા લાંબા સમયથી ઈન્કમ ટેક્સના દરમાં ફેરફાર થાય એની રાહ જોવાતી હતી. ઓછી આવક અને બેકાબૂ ફુગાવાના બેવડા ભારણને સહન કરતાં નાગરિકોને આવક વેરામાં થોડી હળવાશની અપેક્ષા હતી. પણ, નાણાં મંત્રીએ તો બગાસું ખાતાં પતાસું આપી દીધું! એટલે ચારે બાજુ આની જ ચર્ચા ચાલી રહી છે. સરકારની અપેક્ષા એવી રહેશે કે લોકોની ખરીદશક્તિ વધવાને કારણે આ પૈસા બજારમાં આવશે જેનાથી ઉત્પાદનને પણ વેગ મળશે અને મંદ પડેલી આર્થિક પ્રવૃત્તિઓને ગતિ મળશે. સ્વાભાવિક રીતે વડા પ્રધાને આ બજેટને વિકાસના ગુણોત્તરને વધારનારું ‘લોકો’નું બજેટ ગણાવ્યું.

શું ખરેખર આ બજેટમાં આર્થિક વિકાસને ગતિ આપવાની શક્યતા રહેલી છે? એ હકીકતથી તો સૌ વાકેફ જ છે કે દેશમાં આશરે ૩.૨ કરોડ લોકો એટલે કે માત્ર ૨.૬ ટકા નાગરિક જ આવકવેરો ભરે છે. એમાંથી પણ આ બજેટની જોગવાઈના કારણે ૧ કરોડ લોકો આવકવેરો ભરવાની જવાબદારીમાંથી મુક્ત થઇ જશે એવું નાણાં મંત્રીએ જણાવ્યું. એટલે માત્ર ૧.૮ ટકા લોકોના ભાગે જ આવકવેરાની જવાબદારી રહેશે. સરકારનો દાવો છે કે ટેક્સમાં અપાયેલી આ છૂટને કારણે સરકારની તિજોરીમાં અંદાજે ૧ લાખ કરોડ રૂપિયા ઓછા આવશે. આની સામે બજેટ ખાધ પણ નીચી આંકવામાં આવી છે. જો આવક ઘટવાની હોય તો ખાધ ઘટાડવા માટે ખર્ચ પણ ઘટાડવો પડે અથવા જી.એસ.ટી. ની આવક વધારવી પડે. બજેટના આંકડા થોડા ધ્યાનથી જોઈએ તો દેખાય કે કેપિટલ ખર્ચ કે ગ્રામીણ વિકાસ પાછળના ખર્ચની કરોડોમાં દર્શાવવામાં આવેલી રકમનું નાણાંકીય મૂલ્ય વધારે છે પણ ફુગાવાના દર ગણતરીમાં લઈએ તો વાસ્તવિક મૂલ્ય ક્યાં તો વધ્યું જ નથી અથવા તો ઘટ્યું છે! મનરેગા યોજના માટે એટલી જ રકમની ફાળવણી થઇ છે જે ગયા વર્ષે કરવામાં આવી હતી, એટલે કે એનું વાસ્તવિક મૂલ્ય તો ઓછું થયું! સરકારી આંકડા બતાવે છે કે ડિસેમ્બર’૨૪ માં મનરેગા થકી રોજગારની માંગમાં વધારો થયો હતો! જ્યાં સુધી બિનકૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન ગતિ નહીં પકડે ત્યાં સુધી સરકારી રોજગારનો આધાર જરૂરી છે.

જી.એસ.ટી. ના દરની ચર્ચા બજેટમાં થતી નથી. એના નિર્ણય જી.એસ.ટી કાઉન્સિલ કરે છે. એમના સૂચનના અમલ માટે કોઈ ચોક્કસ તારીખ નથી હોતી, એટલે એ નિર્ણય ગમે ત્યારે અમલમાં આવી શકે. કોઈ પણ પરોક્ષ કરની માફક જી.એસ.ટી. પણ પ્રતિગામી છે, એટલે કે ઓછી આવકવાળો વર્ગ એમની આવકના પ્રમાણમાં એનું વધુ ભારણ લે છે.

એ સમજવું જરૂરી છે કે મધ્યમ વર્ગની ઘટેલી ખરીદશક્તિનો પ્રશ્ન માળખાકીય છે. અર્થતંત્ર એક એવા તબક્કાએ ઊભું છે જ્યાં જરૂર પ્રમાણે રોજગાર ઊભો થઈ શકતો નથી. ફુગાવો એટલો ઊંચો છે કે વાસ્તવિક વેતન દર નીચો ગયો છે. સરકાર દ્વારા જ જાહેર થયેલા આર્થિક સર્વેક્ષણના આંકડા અનુસાર ૨૦૧૭-૧૮ની સરખામણીમાં સરેરાશ વાસ્તવિક વેતન દર નીચે ગયો છે. ૨૦૧૭-૧૮માં પુરુષ અને સ્ત્રીના માસિક વેતન દર અનુક્રમે રૂ.૧૨,૬૬૫ અને રૂ.૧૦,૧૧૬ હતા જે ૨૦૨૨-૨૩માં રૂ. ૧૧,૮૫૮ અને રૂ.૮૮૫૫ જેટલા ઘટ્યા છે. આવી જ હાલત સ્વરોજગારમાંથી મળતી આવકની પણ છે. આ સંજોગોમાં બાર લાખ સુધીની આવક પર કર માફી આપવાની અસર ખૂબ મર્યાદિત હશે. વળી, આ જે પણ ફાયદા મળ્યા એ ત્રણ વર્ષ પહેલાં શરૂ થયેલા નવા રીજીમમાં રીટર્ન ફાઈલ કરનારને મળ્યા. જુના રીજીમમાં કોઈ ફેરફાર નથી. એટલે કે નાની બચત યોજના, વીમાનું કે મેડીક્લેમનું પ્રીમીયમ, ઘરની લોનના હપ્તા જેવા બચતલક્ષી વિકલ્પોમાં રોકાણ કરી ટેક્સ બચાવવાની જોગવાઈ કરનારને કોઈ ફાયદો મળનાર નથી. સરકારી નીતિનો ઝોક બચતને પ્રોત્સાહિત કરવાને બદલે લોકો ગ્રાહક બની ખર્ચ કરે અથવા તો પોતાની બચતને મૂડી બજારમાં નાખે એ દિશામાં વાળવાનો છે.

વર્તમાન મંદીનો પ્રશ્ન પેચીદો છે. આવકવેરામાં રાહત જેનો એક માત્ર ઉપાય ના હોઈ શકે. ઈન્કમ ટેક્સના દર બદલવાની બેશક જરૂરિયાત હતી. પણ ૧૨ લાખ સુધી કર મુક્તિથી ફાયદો ૨.૬ ટકા વેરો ભરનાર નાગરિકો પૂરતો મર્યાદિત રહેશે. જો સરકારે પેટ્રોલ પરના વેરા ઓછા કરવા જેવાં પગલાં લીધાં હોત તો બજારમાં ઘણી વસ્તુઓના ભાવ ઘટાડી શકાયા હોત, જેનો ફાયદો સમાજના બહોળા વર્ગને મળ્યો હોત, જેણે ખરીદશક્તિ વધારવામાં વધુ ટેકો કર્યો હોત.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# જે અસર કરે છે તે બજેટમાં નથી, જે બજેટમાં છે તે અસર કરતું નથી!

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **ચેનલો થોડું હોમવર્ક કરીને છેલ્લાં પાંચ વર્ષમાં સરકારે બજેટમાં કરેલી જાહેરાતોમાંથી કેટલીનો અમલ થયો અને કેવો અમલ થયો તેની ફેર તપાસનો રીપોર્ટ આપતી નથી**

જો આવકવેરો ગણતાં પહેલાં પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન એક લાખ કરવમાં આવે, અઢી લાખ સુધી હોમલોનનું વ્યાજ બાદ આપવામાં આવે. બે લાખ સુધી મૂડી રોકાણ કરમુક્ત કરવામાં આવે અને આવકવેરાના સ્લેબ પાંચ લાખથી શરૂ કરવામાં આવે! તો સાડા નવ લાખ રૂપિયા સુધી તો એમ પણ વેરો ભરવાનો ન આવે! પરંતુ આવું કરવાને બદલે કશી જ કપાતો આવકવેરામાં બાદ આપ્યા વગર બાર લાખ સુધીની આવક કરમુક્ત કરવામાં આવી અને જો સ્ટાન્ડર્ડ ડીડક્શન 75000 અને બાર લાખ પછી તમારી આવક વધે છે તો સીધી ચાર લાખની આવકથી કરવેરાની ગણતરી કરવાની નવી ટેક્ષ સિસ્ટમ અત્યારે ચર્ચાનો વિષય બની છે.

નાણાંમંત્રીએ રજૂ કરેલા બજેટમાં નવી સિસ્ટમ આવકવેરાના સ્લેબ બદલ્યા છે અને બાર લાખથી નીચેની આવકો (વ્યક્તિગત કરદાતા માટે) કરમુક્ત કરવામાં આવી છે. તે સિવાય કોઈ બાબત અગત્યની અને નોંધનીય નથી.

આમ પણ હવે બજેટનું પહેલાં જેટલું મહત્ત્વ નથી. બજેટ અસરકારક પણ નથી. ખાનગી ચેનલો માટે બજેટની જોગવાઈ વાંચ્યા વગર કલાકો ચર્ચાનો આનંદ મેળવવો એ પરંપરા બની ગઈ છે. એટલે બજેટ વિષે હવે સરકાર અને સમૂહ માધ્યમો કોઈ જ ગંભીર નથી.

ભારતમાં સમાજવાદી વિચારધારા અમલમાં હતી ત્યારે બજેટ સામાન્ય માણસની જિંદગીને વ્યાપક અસર પહોંચાડતું ટપાલના ચાર્જ, પોસ્ટકાર્ડની કિંમતથી માંડીને ટેલિફોનનું ભાડું વસ્તુઓના ભાવ બધું જ સરકાર દ્વારા અંકુશિત હતું. પેટ્રોલ ડીઝલના ભાવ સરકાર નક્કી કરતી, રેલ્વેનું અલગ બજેટ હતું. ભાડા વર્ષે એક વાર બદલાતા શિક્ષણ-આરોગ્યનું ખાનગીકરણ ન હતું એટલે તેની કિંમત પણ સ્થિર અને વાજબી હતી. અરે સિનેમાની ટિકીટના દર પણ વરસમાં એકાદ વખત બદલાતા. ટૂંકમાં અર્થતંત્રમાં અને કિંમતમાં સ્થિરતા હતી.

ખાનગીકરણ પછી વિદેશી ચલણ અને પેટ્રોલ ડીઝલના ભાવ રોજ બદલાય છે (છેલ્લા ઘણા સમયથી પેટ્રોલ 96 રૂપિયા આજુબાજુ જ છે!) શિક્ષણ અને આરોગ્યમાં તો સીનેમાની ટિકિટની જેમ દરેક શોના જુદા ભાવ હોય છે અને તેમાં નિયંત્રણ પણ નથી. બાકી હતું તે વસ્તુ અને સેવાકર (GST) અલગ કાઉન્સિલ દ્વારા નક્કી થાય છે એટલે નાણાંમંત્રીએ કશું નક્કી કરવાનું રહેતું જ નથી! હવે બજેટને બજેટ કહેવું કે કેમ તે પ્રશ્ન છે!

આમ તો બજેટ એટલે આવનારા વર્ષમાં સરકાર ક્યાં ક્યાં? કેટલો! ખર્ચ કરવા માંગે છે અને આ ખર્ચને પહોંચી વળવા માટે તે આવક ક્યાંથી મેળવશે? (વેરા નાખશે? કમાણી કરશે? કે દેવું કરશે?) તેના અંદાજો રજૂ કરતો ખરડો એટલે બજેટ! દેશમાં લોકશાહી છે એટલે સરકારે આવનારા વર્ષમાં જે ખર્ચ કે આવક કરવા માંગતા હોય તેની પૂર્ણ મંજૂરી સંસદ પાસે લેવી પડે! એક રીતે ‘બજેટ’આખી સંસદ દ્વારા મંજૂર થાય છે. સ્વાભાવિક રીતે જ જે પક્ષની બહુમતિ હોય તે બજેટને મંજૂર રાખે છે. પણ વિપક્ષ પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. તેણે પણ બજેટની ચર્ચામાં ભાગ લેવો જ પડે! અગત્યના પ્રશ્નો ઊભા કરવા જ પડે! વિપક્ષ પ્રશ્ન નથી કરતો કારણ તે પણ બજેટ હવે મહત્ત્વનું નથી તે સમજી ચૂક્યો છે.

આમ તો બજેટ આવતા વર્ષના આવક-ખર્ચના અંદાજો રજૂ કરવા માટે હોય છે પણ છેલ્લાં વર્ષોમાં આપણાં નાણાંમંત્રીશ્રી આવનારા એક વર્ષ નહીં પાંચ-પંદર વર્ષની વાત કરે છે. એક રીતે બજેટ અને ચૂંટણી પ્રવચનમાં ઝાઝો ફેર રહેતો નથી. વળી આખા પ્રવચનમાં અને રજૂ થતી યોજનામાં આઝાદીનાં સો વર્ષ પૂરાં થાય ત્યારના ભારતની પણ વાત હોય છે. જાણે આ સરકાર જ ત્યાં સુધી શાસનમાં રહેવાની હોય!

જ્યારથી ખાનગી ચેનલોનો રાફડો ફાટ્યો છે. બજેટના દિવસે અને બજેટના આગળના દિવસે લાંબી લાંબી કપોળકલ્પિત ચર્ચાઓ થાય છે. પણ એક પણ ચેનલો થોડું હોમવર્ક કરીને છેલ્લાં પાંચ વર્ષમાં સરકારે બજેટમાં કરેલી જાહેરાતોમાંથી કેટલીનો અમલ થયો અને કેવો અમલ થયો તેની ફેર તપાસનો રીપોર્ટ આપતી નથી. વળી બજેટમાં જે જાહેરાત થઈ તેની ચર્ચાઓ થાય છે પણ જે જાહેરાતો ન થઈ! જે વેરા ન નખાયા તેની વાત નથી થતી!

સરકારને દર મહિને દોઢ લાખ કરોડથી વધારે જી.એસ.ટીની આવક થાય છે. આવી જ માતબર રકમ પેટ્રોલ ડીજલ પરના વેરામાંથી મળે છે! રસ્તા બનાવવા હાઈ વે પર ‘‘ફાસ્ટેગ’’દ્વારા વસુલાતી રકમ તો અલગ જ છે! પાયાની સેવાઓ પૂરી પાડવામાં થતો ખર્ચ ઘટતો જાય છે! મેડીકલ કોલેજો ખાનગી ધોરણે જ ચાલવાની હોય તો મેડીકલની સિટો વધશે તે બજેટમાં જાહેર કરવાની ક્યાં જરૂર છે! સરકારે હમણાં જ પેન્શન યોજના માટે જાહેરાત કરી છે. તેના ભંડોળ અંગે આ બજેટમાં કશું બોલાયું નથી! દિલ્હીની ચૂંટણી પહેલાં કર્મચારીઓને રાજી કરવા આઠમા પગાર પંચની રચના થશે તેનું જાહેર કરવામાં આવ્યું છે. પણ આ માટે નાણાં ભંડોળની જરૂર વિષે વાત થઈ નથી!

ખેર! ઘણાને ચિંતા થાય છે કે ભારતમાં ઈતિહાસ જુદો ભણાવાય છે! પણ ચિંતાનો વિષય તો એ છે કે ‘અર્થશાસ્ત્ર’ભણાવવાનું જ બંધ થઈ ગયું છે! હવે બજેટ માત્ર નાણાં ફાળવણીની જાહેરાત બનીને રહી ગયું છે!

રાજ્ય-કેન્દ્રના નાણાં સંબંધો, બૂલેટ ટ્રેન જેવાં મોટાં રોકાણો માટે ‘ખર્ચ-લાભ’વિશ્લેષણ, ખેતી માટે જરૂરી માળખાકીય જરૂરિયાતો માટે સંશોધનોની ફાળવણી આ બધું જ બજેટમાંથી અદૃશ્ય થઈ ગયું છે!

બજેટમાં કદી સરકારના ઉત્સવોનો ખર્ચ બતાવવામાં જ નથી આવતો છતાં તે થાય છે! એટલે હવે જે અસરકારક છે તે બજેટમાં નથી અને જે બજેટમાં છે તે અસર કરતું નથી!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### આત્મહત્યાથી બચવાની રીત

28 જાન્યુ.25નો કાર્તિકેય ભટ્ટનો લેખ જો કે વિદ્યાર્થીઓની આત્મહત્યા વિશે એક બહુ વિકરાળ સમસ્યા છે. કોઈ દિવસ ખાલી નથી જતો કે વર્તમાનપત્રમાં આત્મહત્યાના સમાચાર પ્રગટ થતા ન હોય. તેમાં વિદ્યાર્થીઓ સહિત સમાજના વિવિધ વર્ગનાં લોકો હોય છે. આત્મહત્યાને નિવારવા ઈસ્લામ શું કહે છે તે જણાવવા આ પત્ર લખ્યો છે. ઈસ્લામ કર્મના સિધ્ધાંતમાં નહીં, કિસ્મત (પ્રારબ્ધ)ના સિધ્ધાંતમાં માને છે. કસોટીના સિધ્ધાંતમા માને છે. અર્થાત્ માનવી પર જે મુસીબતો આવી પડે છે તે તેની કસોટી કરવાના લીધે આવે છે. જો મુસીબત આવી પડે છે તે તેની કસોટી કરવાના લીધે આવે છે. જો મુસીબત આવી પડે તો ઈશ્વરનો પાડ માનવો. મુસીબતમાં તૂટી નહીં જવું, નિરાશ નહીં થઈ જવું જોઈએ. અને રાહતમાં છકી નહીં જવું, ઘમંડ નહીં કરવો જોઈએ. અંતિમ ઈશદૂત હઝ. મુહમ્મદ સલ.એ એક બહુ સુંદર પ્રાર્થના બતાવી છે. આપ ફરમાવે છે : તમારામાંથી જેને કોઈ દુ:ખ પહોંચ્યું હોય તેના લીધે તેણે મોતની કામના હરગિઝ નહીં કરવી જોઈએ, જો તેને આમ કરવું અનિવાર્ય લાગતું જ હોય તો તેણે એમ કહેવું જોઈએ; ‘‘હે ઈશ્વર, તું મને ત્યાં સુધી જીવતો રાખ, જ્યાં સુધી મારી જિંદગીમાં ભલાઈ (ઈષ્ટ-શુભ-લાભ) હોય અને મને ત્યારે મોત આપ જ્યારે મોતમાં મારા માટે ભલાઈ હોય’’(બુખારી શરીફ : 5671) મને આશા છે કે આ પ્રાર્થનાથી કોઈ પણ માનવીને આત્મહત્યાથી રોકવા માટે સક્ષમ નીવડશે. અલ્લાહ-ઈશ્વર બધાને સદ્બુધ્ધિ આપે.

**સુરત -અબરાર અહમદ રફઅત**

### મફતની રેવડી નહિ, નોકરી આપો

હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીમાં રાજકીય પક્ષોએ મફતની રેવડીની જાહેરાત કરી. હવે દિલ્હીની ચૂંટણીમાં મફત રેવડીની રાજકીય પક્ષોએ સ્પર્ધા શરૂ કરી દીધી છે. દિલ્હી દેશની રાજધાની છે એટલે બધા પક્ષો એટીકેટીનું જોર લગાવી રહ્યા છે. પરંતુ લોકોને મફત રેવડી નહિ, નોકરી જોઇએ છે. દેશનાં કરોડો શિક્ષિત યુવક-યુવતીઓ નોકરી માટે ભટકી રહ્યાં છે. કેન્દ્રના અને રાજ્યનાં વિવિધ ખાતાંઓમાં લાખો જગ્યાઓ ખાલી પડેલી છે. પરંતુ સરકારો ભરતી કરતી નથી. જે થોડી ઘણી ભરતી કરવામાં આવે છે, એ કોન્ટ્રાકટ સિસ્ટમમાં કરવામાં આવે છે. એમાં જે પગાર મળે છે, એમાં કુટુંબનું ભરણપોષણ પણ થતું નથી. કોન્ટ્રાકટ સિસ્ટમમાં પણ ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ થતો રહે છે. માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ બધી જગ્યાઓ નિયમિત ઉમેદવારો થકી ખૂબ જલ્દીથી ભરવાની તાતી જરૂર છે. સરકારે બાંગલા દેશમાં જે ઘટના બની છે એમાંથી બોધપાઠ લેવો જોઈએ.

**નવસારી- દોલતરાય એમ. ટેલર**

### બાંધી આવકવાળાં (નોકરિયાતો) આળસુ થતાં જાય છે

ઉપરી અધિકારીઓને ગાંઠતા નથી. ભાડા ભથ્થું, મોંઘવારી ભથ્થું વધતાં જાય છે પણ પૂરેપૂરો કાર્યક્ષમતામાં વધારો થતો નથી. વિદેશોમાં કલાક પ્રમાણે વેતન ચૂકવાય છે. અહીં ભારતમાં કોઇ ધારાધોરણનું બંધન છે. પાંચ દિવસમાં કયારેક અધૂરું કામ રહી જાય છે. સરેરાશ ફકત 20 દિવસનું જ કામ થાય છે. બાકીના 10 દિવસનો પગાર બોનસ ગણાય છે. કલાક પ્રમાણે વેતન ચૂકવશો તો વેડફાઇ જતી રાષ્ટ્રિય બચત વધશે.

**અડાજણ - અનિલ શાહ**

### હેલ્મેટનું ભૂત

સુરત શહેરમાં 15 ફેબ્રુઆરીથી હેલ્મેટ ફરજીયાત કરવા માટેનો કાયદો અમલમાં આવે છે. ફક્ત આખા સુરતમાં અકસ્માતમાં હેલ્મેટને કારણે 50 વ્યક્તિ મૃત્યુ પામેલ છે. શું તેઓ હેલ્મેટ પહેરતે તો મૃત્યુ નહીં થતે? સુરતમાં ટ્રાફિક સમસ્યા એટલી બધી છે કે 30 કી.મી. ઉપરની સ્પીડે ટુ વ્હીલર ચાલતાં જ નથી. હેલ્મેટને કારણે સિનિયર સીટીઝન અને કાને બહેરાશ માણસોની કોઈ વિચાર કરતું જ નથી. સિનિયર સીટીઝન માટે હેલ્મેટ નાબૂદ કરવી જોઈએ. સુરત મહાનગરપાલિકાની હદની બહાર હાઈ વે અથવા મેઈન રોડ પર ફરજીયાત હેલ્મેટનો કાયદો અમલ કરાવવો જોઈએ. નાગરિકો વિરોધ નહીં કરશે તો આ સરકાર ચાલવા માટે પણ દખલ કરશે.

**- મહેશ પી. મહુવાગરા**

### સુખનો મોહભંગ નથી થયો અને સુખ ન મળી શકે

હવેંગરે એક પુસ્તક લખ્યું છે ‘ધી ફિલોસોફી ઓફ એઝ ઈફ’ જેમાં આખું જીવન જ ‘જો’ પર ઊભું છે. જો ‘આમ’ થાય તો સુખ મળી શકે, જો ‘આમ’ નહીં હોય સુખ નહીં મળે. જો ‘આમ’ હોય તો કલ્યાણ થઈ શકશે. જો ‘આમ’ નહીં હોય તો કલ્યાણ નહીં થાય. પણ એક વાત નિશ્ચિત છે, કે સુખ મળી શકે છે, શરત પૂરી થવી જોઇએ અને મજાની વાત એ છે કે જેની શરત છે, એને સુખ કયારેય નથી મળી શકતું. જેના સુખનો મોહભંગ નથી થયો, એને સુખ ન મળી શકે. સુખ મળે છે કેવળ એને, જે આ સત્યને જાણી લે છે કે સુખ આ જગતમાં સંભવ નથી. બહુ પેરાડોકસીકલ, બહુ ઊંધું દેખાય છે. જે વિચારે છે કે આ જગતમાં સુખ મળી શકે છે. જો અમુક શરતો માત્ર પૂરી થઇ જાય, એ કેવળ નવા નવા દુ:ખ શોધતો ચાલ્યો જાય છે. જયાં સુધી શોધો છે ત્યાં સુધી એ સુખ જણાય છે, જયારે મળી જાય છે ત્યારે દુ:ખ જણાય છે.

**વિજલપોર - ડાહ્યાભાઈ પટેલ**

### આદિવાસી UCC વિરોધી કેમ

UCC એ આદિવાસી ઓળખ માટે જરૂરી છે. હાલની પરિસ્થિતિ અને માંગ મુજબ આવશ્યક છે. આદિવાસી દેશનો મૂળ વતની છે. આદિવાસીને એક કોડ આપી રક્ષણ આપવું જોઈએ. જેથી બીજા સમાજમાં જતી નારીનું રક્ષણ થાય અને સમાજનું પણ રક્ષણ થાય. તે માટે કાયદો જરૂરી છે. UCC કોડ લાગુ પાડવા માટે એક ખાસ આદિવાસી કર્મચારીઓની, નિવૃત તેમજ જાગૃત નાગરિકો, MP, MLAની એક ચોક્કસ ચર્ચા માટે પ્રવર સમિતિ બનાવવી જોઈએ. ચર્ચાનો હાર્દ આદિવાસી નાગરિકો સામે રાખી એક ગેઝેટ બહાર પાડી અલગ મંતવ્યો આવ્યા હોય તો ફરી સુધારો કરી. UCC લાગુ કરવું જોઈએ. ત્યારબાદ જે તે રાજ્યનાં કાયદાનાં આધારે કોન્સ્ટિટ્યૂશનમાં સુધારો કરવો જોઈએ. જેથી આ ધર્મ અને આદિવાસી બંને વચ્ચેનું અર્થઘટન કરી આદિવાસી પોતાનાં નાગરિકો વચ્ચેનું ભેદભાવ ભર્યું વર્તનનો ભોગ ન બને. જો બધા જ રાજ્યનાં આદિવાસી સમાજ સેવકો ભેગા મળી ચર્ચા માટે ‘પ્રવર સમિતિ’ બનાવવા માટે સરકાર સમક્ષ માંગણી કરવામાં આવે અને તંત્ર મંજુર થાય તો આદિવાસી સમાજ સુંદર રીતે નિવેડો લાવી શકે છે. જો UCC એ કોઈ કાળો કાયદો નથી. ચર્ચાથી ફલિત કરવા માટે પ્રયત્ન જરૂરી.

**તાપી - હરીશ ચૌધરી**

### દિલ્હીમાં હવે નોકરી કરવાની જરૂર નહી પડે

દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ ચૂંટણી હતી. મુખ્યત્વે ભાજપ,આપ અને કોંગ્રેસ મેદાનમાં છે. તેમણે બહાર પાડેલા મેનિફેસ્ટો પ્રમાણે હવે દિલ્હીમાં - ઘર ફ્રી , વીજળી ફ્રી , રાશન ફ્રી , પાણી ફ્રી ,બસ મુસાફરી ફ્રી , શિક્ષણ ફ્રી , તીર્થયાત્રા ફ્રી , માંદા પડો તો સારવાર ફ્રી , મહિલાઓને મહીને રૂ.૨,૧૦૦/- , બેરોજગારોને રૂ.૮,૫૦૦/- આ બધામાં બે જ જાહેરાત બાકી રહી ગઈ છે. અંતિમ સંસ્કાર ફ્રી અને મ્રુત્યુ પછીનો જમણવાર ફ્રી. આ બધુ જોતા એક વાત નક્કી થઈ ગઈ લાગે છે કે દિલ્હીના લોકોને હવે નોકરી કરવાની જરૂર નહી પડે ,ત્યાં રહેનારને બસ લીલા લહેર છે.

**સુરત - તૃપ્તિ ગાંધી**